**<u>ભેસાણનાં મહેરબાન જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુકામ : ભેસાણ</u>**

**ફો.કે.નં. ૯૯/૨૦૨૬**
**આંક – ૬**

| | |
|---|---|
| **ફરીયાદી:–** | શ્રી સરકાર |

<u>વિરુધ્ધ</u>

| | |
|---|---|
| **આરોપી:–** | **જાકીર હારુનભાઈ પરમાર,**<br>**રહે. સોવારીયા પ્લોટ, ભેસાણ, તા.ભેસાણ,જી. જુનાગઢ** |

**<u>ગુન્હો :– ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી મુજબ.</u>**

**<u>–: ઠરાવ:–</u>**

આજરોજ સ્પેશ્યલ સીટીંગમાં આરોપીની કબુલાત પુરસીસ અને આરોપીની પ્લી ધ્યાને લેતા આરોપીએ હાલના ગુન્હાની સ્વૈચ્છાપૂર્વક કબુલાત કરેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબુલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં આરોપી તેનાં નિવેદનમાં સ્વૈચ્છાપૂર્વક ગુનો કબુલ કરેલ છે અને પોતે ભવિષ્યમાં ગુનો નહી કરે તેની ખાત્રી આપી રહેમ કરવા રજુઆત કરેલ છે તેમજ લોક અદાલતમાં ગુના માફીની તથા માત્ર દંડની સજાની રજુઆત કરેલ છે.

આરોપીની રજુઆત તેમજ કબુલાત ધ્યાને લેતા તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટનાં **સ્ટેટ વિ. નટવર હરચંદજી ઠાકોર, ૨૦૦૫, જી.એલ.આર. પેઈઝ નં. ૭૦૯** ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા આરોપીને સ્પે. સીટીંગનો લાભ આપી, માત્ર દંડની હળવી સજા કરી સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

**<u>– :: હુકમ :: –</u>**

આ કામનાં આરોપીને **<u>ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૨૭૫ અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી</u>** ના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂા. ૧૦૦/– (અંકે રુપિયા સો પુરા)નો દંડનો હુકમ કરવામાં આવે છે.આરોપી દંડ ન ભરે તો દિન– ૧૦(દસ) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૪ મી માહે–માર્ચ સને ૨૦૨૬ ની સ્પેશ્યલ સીટીંગમાં/ખુલ્લી અદાલતમાં વાંચી– સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભેસાણ
તા.૧૪/૦૩/૨૦૨૬

(જીતેશ જયેશકુમાર મોદી)
સ્પેશ્યલ સીટીંગ મેજીસ્ટ્રેટ તથા
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ભેસાણ
Code No. GJ01391